# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મુસ્લિમ મત સામે ધ્રૂવીકરણ સંધાય છે,
રમાય રાજકારણને હિંદુત્વ રંધાય છે,
ગંધાય છે મેલી મુરાદ કોમી વિભાજનની -
ચૂંટણી મુદ્દામાં જ રામમંદિર બંધાય છે
('સદ્ભાવના' પર પાણી છંટકાવ)

## હાઇકુ

મંદિર માટે,
કરશે ઉઘરાણી -
સિમેન્ટ થેલી!
(ઇંટો તો વખારમાં છે જ)

સુખમાં સત્તા,
ને ચૂંટણીમાં યાદ -
આવે છે રામ
(મંદિર, મત-મશીને જ બનેગા)

## ચિંતન

વહતિ વિષધરાન્પટીરજન્મા શિરસિ મષીપટલં દધાતિ દીપઃ ।
વિધુરપિ ભજતેતરાં કલંકઃ પિશુન જનં ખલુ બિભ્રતિ ક્ષિતીન્દ્રા : ॥

સુભાષિત રત્ન ભાંડાકરના બીજા પ્રકરણ 'દુર્જન નિંદા'નો આ શ્લોક છે :

ચંદન વૃક્ષ ઉત્તમ અને શિતળ હોવા છતાં પોતાની પાસે ઝેરી સર્પોને રાખે છે, દીવો જાતે પ્રકાશનો ફેલાવનાર હોવા છતાં તેના ઉપર તો મેશ ને જ રાખે છે, ચંદ્રમાં તેજસ્વી અને શીતળતા આપનાર હોવા છતાં 'કલંક' ને પણ અપનાવે છે જયારે રાજાઓની પાસે સભામાં અનેક બુદ્ધિશાળી 'રત્નો' હોવા છતાં 'દુર્જનો'ને પણ સાચવે છે.

વિચક્ષણ-કૂટનીતિના જાણકાર આજના રાજાઓ (પ્રધાનશ્રીઓ-મુખ્ય પ્રધાનશ્રીઓ) સજ્જન-સંત-સાહિત્યકાર-અર્થશાસ્ત્રીઓ જેવા સલાહકારના સંપર્કમાં તો રહેતા જ હોય છે પણ રાજયની ધૂરા 'યૌગ્ય' રીતે સંભાળી રાખવા - દાણચોરો-બૂટલેગરો-'સોપારી લેનારાઓ' સાથે પણ છૂપો ઘરોબો રાખતા હોય છે અને રાજકીય દુશ્મનો સામ-દામ-દંડ-ભેદથી ન સમજે તો પછી 'સોપારી'થી એમની 'સમજ'ને કાયમ માટે શાંત કરી દેતા હોય છે.

અહીં ચંદન જેમ સાપ રાખે, દીઘો-મેશ રાખે, ચંદ્રકલક રાખે તેમ રાજાઓ પણ 'દુર્જન'ને રાખે છે એમ એટલે કહેવામાં આવ્યું છે.

## સુવિચાર

- જીવવાની રાહ ન જુઓ, જીવવા માંડો, જીવવાનું બહુ ચિવટ વાળુ પ્લાનિંગ ન હોય, કારણ કે આપણે રોજ જીવવાનું હોય છે - **અઝીમ પ્રેમજી**
- મારી ઇચ્છાઓ અને મારી વૃત્તિઓ વચ્ચે જે સંઘર્ષ છે. તેમાં સંવાદ ઊભો કરીને મારે સારા માણસની રચના કરવી રહી - **પેટ્રાર્ચ**
- માણસે માણસ તરીકેનો પોતાનો પરવાનો ટકાવી રાખવા માટે કરૂણાસભર હૃદય પૂરતું છે. હૃદયની સંપત્તિ પ્રેમ, કરૂણા અને અનુકંપા છે - **દોલતભાઇ દેસાઇ**
- માણસે માણસાઇની ખાતર પર પોતાના સુખને પ્રસાદની જેમ વહેંચવું જોઇએ અને પારકાના દુઃખમાં ભાગીદારી નોંધાવવી જોઇએ - **કે.કા.શાસ્ત્રી**
- જન્મથી શરૂ થતી જીંદગી એ એક રોજનો અનિશ્ચિત ઉત્સવ છે અને મૃત્યુ એક નિશ્ચિત રહસ્ય છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- બુદ્ધિશાળી માણસને જે ફળ મળે તે અનાગ્રહ ગણાય, આગ્રહ અને અનાગ્રહ વચ્ચે જે સ્ટેશન આવે તે વિવેક - **ગુણવંત શાહ**

## બોધ કથા

આપણને ઘણીવાર દાન-પુણ્ય કે સત-કાર્યના વિચાર આવે છે ખરા પણ 'પછી કરશું' 'આવતે મહિને' 'કરવા જેવું છે ખરૂં' આવા વિચાર કરી ટાળી દઇએ છીએ અને પછી રોજિંદી પ્રવૃત્તિમાં 'કરવાં જેવાં કામ' પછી કાયમ માટે 'બાકી'માં ખેંચાઇ જતાં હોય છે. સત્કર્મ કરવા માટે તો 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ'ની ભાવના હોવી જોઇએ.

અબ્દુલ હુસેન બોસ્કી એક ઓલિયા જેવા ગૃહસ્થી હતી. અંત સ્વભાવ અને ઉદાર હૈયું. સંયુક્ત પરિવારમાં રહેતા હતા.

નમાજ પઢવાનો સમય થયો. વજૂ કર્યા પછી નમાજની હજુ શરૂઆત જ કરી. ત્યાં ઘર બહાર કોઇ ભિક્ષુક ઠંડીમાં કોઇ ઓઢવા માટે ચાદર-ગોડદી માગતો કાકલૂદી ભર્યો અવાજ આવ્યો...

બોસ્કી નમાજ અધુરી મૂકી તરત, પોતાની શાલ ઉપાડી બારણા પાસે દોડ્યા અને પેલા ભિક્ષુકના અંગ ઉપર પોતાની શાલ નાખી પાછા આવી નમાજ પઢવા લાગ્યા - કૌટુંબીજનોને વડીલની આ હરકત માટે ખૂબ આશ્ચર્ય થયું. - કોઇએ તો પૂછી પણ નાખ્યું - 'તમે બંદગી મૂકીને બહાર દોડી ગયા?'

અબ્દુલ હુસેન બોસ્કી કહે - માણસને સારો વિચાર જયારે પણ - જે ક્ષણે આવે કે તે જ ક્ષણે એનો અમલ કરવો જોઇએ. કોઇ કામ પછી પર ન રાખવું.

Email - sureshchandrabhatt18@gmail.com

# એક માતાની અંદર જ એ સામર્થ્ય છે કે, તે નબળા માણસને ભડવીર બનાવી શકે છે, તે સંતાનમાં ઇચ્છિત ગુણોનું સિંચન કરી શકવા સક્ષમ છે

## મમ્મી એટલે મમ્મી

### વિચાર યાત્રા

- જય ઓઝા

માન્યતે પૂજયતે સા માતા માન્ પૂજાયાત્ ધાતુમાંથી બનેલા 'માતા' શબ્દનો અર્થ જેની પૂજા કરવામાં આવે છે તે એવો થાય છે.

જે દેહમાંથી દેહ આપે, જીવનમાંથી જીવ આપે અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપે. જેના પ્રેમના લેખાજોખા થઇ ન શકે તે 'મા'. મા નો અર્થ ડિકશનેરીમાં શોધવાનો નથી, જીવનમાં પામવાનો છે.

સ્ત્રીના ઘણા રૂપ છે, પત્ની, બહેન, દીકરી, મા. પરંતુ આ બધામાં સર્વોત્કૃષ્ટ કોઇ હોય તો તે માતાનું રૂપ છે. મા બનાવાની સાથે સ્ત્રીનો નવો જન્મ થાય છે. નવી જવાબાદરી સાથે તેનો એક નવા જ વિશ્વમાં પ્રવેશ થાય છે. આપણે આપણી માતાને કૌશલ્ય કે યશોદા ગણીએ કે ન ગણીએ પણ દરેક પણ દરેક મા તેના સંતાનને રામ કે કૃષ્ણ જ સમજતી હોય છે.

એક માતાની અંદર જ એ સામર્થ્ય છે કે, તે નબળા માણસને ભડવીર બનાવી શકે છે, તે સંતાનમાં ઇચ્છિત ગુણોનું સિંચન કરી શકવા સક્ષમ છે. આપણે તો મોટીના લોંદાની જેમ આ સૃષ્ટિમાં આવીએ છીએ, ચાકડા પર ચડાવીને યોગ્ય આકાર આપવાનું કાર્ય અને સમાજમાં ઊભા કરવાનું કાર્ય તો મા જ કરે ને! જીજાભાઇ બાળ શિવાજીને ઘોડિયામાં જ હાલરડાં ગાતા-ગાતા રાષ્ટ્રભક્તિ અને આવનારા કપરા કાળમાં તેમની જવાબદારીઓ વિશે સૂચિત કરતા હતા.



આજે કદાચ રામ-કૃષ્ણ અને શિવા-રાણાને ધરતી પર જન્મ તો લેવો હશે, પણ તેમને યોગ્ય ખોળો નળી મળતો હોય. કારણ કે હવે બાળકની બધી જ જવાબદારી સામાન્ય રીતે કેવળ માતા પર નથી હોતી, બાઇ કે આયાઓ વચ્ચે પણ વહેચાય છે. બાળકને જોઇતા ભૌતિક સુખ તે પૂરા પાડે છે, પોતાના સામાજિક કામમાં વ્યસ્ત સ્ત્રી પડતા બાળકને ચૂપ કરવા મોંઘાદાટ રમકડાં આપે, અને તાત્કાલિક પ્રશ્ન ઉકેલી નાખે. બાળકને પ્રેમની તરસ છે, તેને પાણી જોઇએ છે અને કોકાકોલા મળે છે, ભવિષ્યમાં આ બાળકો તેમને વૃદ્ધાશ્રમનો રસ્તો ન બતાવે તો નવાઇ કહેવાય. કારણ જયારે,

"જય બોયા પેડ બબૂલ કા, ફિર આમ કહા સે હોય"

પહેલાના અર્થસભર હાલરડાનું સ્થાન હવે ઢંગધડા વગરના જોડકણાઓ લીધું છે. આ નિંદાની વાત નથી, માની નિંદા થઇ શકે જ નહીં, પરંતુ આ કેવી સ્ત્રીની વાત છે કે જે ખરા અર્થમાં માતા નથી બની શકી, સંતાનને જન્મ આપવાથી જ કાંઇ માતા થોડું બની જવાય છે? માતાની પરિપક્વતા જયા સુધી ન આવે ત્યાં સુધી આવી ઘટના, માફ કરજો આવી દુર્ઘટનાઓ જોવા મળતી રહેતી. ઘણી સ્ત્રીઓ આજીવન માતા નથી બની શકતી, અપવાદરૂપ બનાવ છે, પરંતુ છે એ નક્કી.

માતા ઓ અંતર્યામી છે, પોતાના બાળકને શું જોઇએ છે, એ કોઠાસૂઝથી જાણએ છે, માતા અને સંતાનનો સંબંધ અભિન્ન છે, નર્મદ આથી જ કહે છે

ખરેખાત મા-પુત્ર સંબંધ કેવો
ખરે જાણવો પૃથ્વીનો વૃક્ષ જેવો!
કૃત્ઘ્ની છતાં વહાલ તો આણતાજી,
વળાવે નહીં પાડ માયાળુ માજી!

છોરૂ-કછોરૂ થાય, માવતર કુમાવતર ન થાય. માતા એ ક્ષમા અને કરૂણાની મૂર્તિ છે. પૂ. મોરારી બાપુનાં પ્રવચનમાં એક પ્રસંગ સાંભળ્યો હતો. જૈન - ગૃહસ્થની વાત હતી, ગૃહસ્થ બાપુને કહેતો હતો કે તમે માનો કે ન માનો પણ મારી માતા હજી પણ મારી ઉંમરનાં બધા મિત્રો - કોઇ ડોકટર છે, કોઇ વકીલ છે, કોઇ વેપારી છે - તે કહે છે એ બધાને તું બોલાવ. નાનપણમાં પણ મહિનામાં એકવાર તો બધાને બોલાવે જ મેં એકવાર કીધું કે મા દર મહિને આ બધાને બોલાવવા, આ બધું શું કામ? ત્યારે મારી મા એક જ વાત કહેતી કે તું નાનો હતો ત્યારે આ છોકરાઓ બહુ તોફાની હતા, અને તને મારતા. હવે તને મારે નહીં એટલે મહિને-મહિને બોલાવ્યા કરૂં છું. પોતાના સંતાન આટલા મોટા થયા છતાંય માતાના મનમાં આવો ભાવ તેના તરફ વહેતો રહે છે.

નાના હતા ત્યારે એક કોળિયો ખવડાવવા માટે મા આખા ઘરમાં આપણી પાછળ દોડતી. ઘરમાં કાંઇ તોડફોડ કરીએ, પાણી ઢોળીએ નાખીએ, અનાજ બગાડીએ, કેટ-કેટલા પરાક્રમ ગણાવવા? આખો દિવસ ચોકી પહેરો ભરતી મા. ગમે તેવા ટાઢ-તડકાને દરરોજ શાળાએ લેવા મૂકવા આવતી મા, પરીક્ષામાં વહેલી સવારે વાંચતા માટે ઉઠાડતી મા, એટલું જ નહીં વળી સાથે 'કંપની' આપણા જોડે બેસીને ઉજાગરો વેઠતી મા. કોઇની સાથે ઝગડો કરીને ઘરે આવીએ ત્યારે સાચું-ખોટું જાણ્યા વગર આપણો પક્ષ લેતી મા, સરળતાથી, સહજતાથી એક ક્ષણ પણ ન ખોટવાઇને ચોવીસ કલાક ચાલતા યંત્રની જેમ મા એ આપણું ધ્યાન રાખવું. માના આવા પ્રેમભર્યા ઉપકારની આપણે કયારેક નોંધ લીધી છે ખરી? માતા અને મૃગજળ ઝટ સમજવામાં આવતા નથી, મૃગજળ નથી છતાં દેખાય છે, માતા સામે જ છતાં ખરેખર તેને જોવાનું ચૂકી જવાય છે.

કવિ દલપતરામે કહ્યું છે તેમ -

અરે એ બધું શું ભલું જૈશ ભૂલી,
લીધી ચાકરી આકરી જૈ અમૂલી?
સદા દાસ થૈ વાળી આપીશ સાટું
મહા હેતવાળી દયાળી જ મા તું,

પણ હું ને તમે માનું ઋણ તેના દાસ થઇને પણ શું ચૂકવી શકીએ ખરા! ઉમાશંકર જોશી કહે છે - માતાનું ઋણ કોણ ચૂકવી શક્યું છે? ખરૂં જોતાએ ઋણ નથી. ઋણ ગણીને એનો રૂપિયો-પૈસામાં હિસાબ માંડવા આવે અને ઋણ ચૂકવવાનો સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે.

# પોતાની જરૂરિયાત પ્રમાણે જરૂરી ધન જરૂર કમાવું જોઈએ, પણ લોભ-લાલચમાં પડી પૈસા કમાવા પાછળ ગાંડા ના થવું જોઈએ

## પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર



## વણલોભી



આપણા આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાની આ અમર પંક્તિ છે -

વણલોભી ને કપટરહિત છે, કામ, ક્રોધ, નિવાર્યા રે...

ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે...

વૈષ્ણવજન તો તેને રહે કહીએ...

ગાંધીજીને પણ આ ભજન ખૂબ જ પ્રિય હતું... વારેવારે તેઓ ગાતા અને ગવરાવતા.

"વણલોભી"ને આપણે "નિર્લોભી" પણ કહી શકીએ. લોભ ના કરશો, જરૂર પૂરતું જ રાખવું, મતલબ કે "લોભી" ના બનતાં વણલોભી બનવું.

આ માટે આપણા ક્રાંતિકારી, યોગી, ત્યાગમૂર્ત અને મહાન આર્ષ દૃષ્ટાથી અરવિંદના જીવનનો એક યાદગાર પ્રસંગ છે.

આપણા શ્રી અરવિંદ પૈસાની બાબતમાં અનાસક્ત હતા. તેમણે ત્રણ મહિનાનો સામટો પગાર મળતો હતો. થેલી ભરીને રૂપિયા આવતા. આ રૂપિયા તેઓ પોતાના ટેબલ પર પડેલી ટ્રેમાં ઠાલવી દેતા. પૈસાને તેઓ કદી કબાટમાં કે તાળા-ચાવીમાં રાખતા નથી. જેમ જેમ જરૂર પડતી જાય તેમ-તેમ આ ટ્રેમાંથી પૈસા વપરાતા જતા. પૈસાનો હિસાબ તો તેઓ કહી રાખતા નથી. પોતાના માટે તો બહુ ઓછા પૈસાની જરૂર રહેતી. છતાં ટ્રેમાં એક રૂપિયો પણ બચતો નહીં. આથી પાટકરે એમને કહ્યું, "સાહેબ આપ આ રીતે ખુલ્લા પૈસા કેમ રાખો છો? એને તાળા-ચાવીમાં રાખવા જોઇએ."

"જો, રાજારામ, આપણે સારા અને પ્રામાણિક લોકોની વચ્ચે રહીએ છીએ, તેનો આ પુરાવો છે."

"પણ સાહેબ, તમે પૈસાનો હિસાબ તો બિલકુલ રાખતા નથી, તો કેવી રીતે ખબર પડે કે આજુબાજુના લોકો પ્રામાણિક છે?"

આ સાંભળીને શ્રી અરવિંદ થોડી વાર ગંભીર થઇ ગયા અને પછી બોલ્યા, "પણ મારા માટે ભગવાન હિસાબ રાખે છે. અને ગમે તેમ પણ ભગવાન મને પૈસાની તંગીમાં રાખતો નથી. તો પછી મારે શા માટે ચિંતા કરવી જોઇએ?"

પૈસા પ્રત્યેની આવી અનાસક્તિ તો એમના જીવન સાથે પહેલેથી જ જડાયેલી હતી.

આમ "વણલોભી" ને "નિર્લોભી"ને ભગવાન પણ સહાય કરે છે, એ મહર્ષિ અરવિંદના જીવનના આ પ્રસંગ પરથી આપણે જોઇએ શકીએ છીએ.

આવો જ એક બીજો પ્રસંગ પર એમના જીવનનો છે. શરૂઆતમાં આપણા આ યુગમૂર્તિ તત્ત્વચિંતક શ્રી અરવિંદ શંકરપોટ્ટીના મકાનના ઉપરના રૂમમાં રહેતા હતા. બે શિષ્યો એમની સંભાળ રાખતા હતા. અહીં પણ તેઓ બધો જ વખત ધ્યાન અને સાધનામાં ગાળતા હતા. કોઇને મળતા પણ ન હતા. ઉપરથી ફક્ત એક જ વાર સ્નાન કરવા માટે નીચે ઉતરતા હતા. પછી બીજા શિષ્યો કલકત્તાથી એમની સાથે રહેવા માટે આવ્યા અને આમ કુલ તેઓ પાંચ માણસો થયા. આથી બીજું મકાન ભાડે લીધું અને ત્યાં બધા રહેવા લાગ્યા. તે સમયે પૈસાની તીવ્ર ખેંચ હતી. શિષ્યો વારાફરતી રસોઇ બનાવતા. મોતીલાલ રોય લખે છે કે, "અરવિંદના રસોડામાં કયારેક ખીચડી કે લૂચી (પૂરી) રંધાઇ ન હતી." એક પત્રમાં શ્રી અરવિંદે મને લખ્યું હતું કે, "આજે અત્યારે સિલકમાં મારી સાથે આઠ આના છે!" આવી સ્થિતિમાં પણ શ્રી અરવિંદનાં સાંનિધ્યમાં સહુ શિષ્યો આનંદથી રહેતા હતા.

આમ, માત્ર શ્રી અરવિંદ જ નહીં, એમના શિષ્યો પણ "વણલોભી" હતા.

ઓછું વાપરવું અને લાલચું હોવું એમાં જેટલો વિરોધ છે, એટલો ઉદારતામાં નથી. ભાગદોડ કરીને બચાવેલી કંઇક મિનિટો પણ એટલી જ નકામી છે, જેમ કે કંજૂસાઇ કરી લોભ-લાલચથી બચાવેલા પૈસા. માણસે કરકસર તો કરવી જોઇએ. બને એટલો ઓછો ખર્ચ કરવો જોઇએ, પરંતુ કંજૂસ કે લોભી ના બનવું જોઇએ. પોતાની જરૂરિયાત પ્રમાણે જરૂરી ધન જરૂર કમાવું જોઇએ, પણ લોભ-લાલચમાં પડી પૈસા કમાવા પાછળ ગાંડા ના થવું જોઇએ.

કરકસરનો અર્થ એવો તો નથી જ કે માનવી લોભી જેવું, મખ્ખીચૂસ જેવું વર્તન કરે.

રસ્કિને એક જગ્યાએ કહ્યું છે કે, "આપણે અંગ્રેજીમાં 'ઇકોનોમી' શબ્દનો જે અર્થ માટે ઉપયોગ કરીએ છીએ તે કોઇ પણ રીતે ઉચિત નથી. સામાન્ય રીતે આ શબ્દનો રૂપિયા-પૈસાની બચત માટે થાય છે. 'ઇકોનોમી' શબ્દનો અર્થ જેટલો ધનની બચત છે, એથી કંઇક વિશેષ અર્થ છે. 'ધન'નો યોગ્ય ઉપયોગ. મતલબ કે એનો અર્થ છે : 'ધનની સુવ્યવસ્થા.' જો એનો ઘર માટે ઉપયોગ કરીએ તો એનો અર્થ થાય છે." "ઘરની સાચી દેખભાળ." સમય અને ધનનો એવી રીતે ઉપયોગ કરવામાં આવે, જેમાં લોભવૃત્તિમાં કયાંક દર્શન ના થાય અને આપણા ઘરને એ ધનનો પૂરેપૂરો લાભ મળે.

આમ, "વણલોભી" થવું એ તો સંતનું લક્ષણ છે.


# સમય અને સંજોગો અનુસાર પરિવાર, વ્યવસાય અને સામાજિક જવાબદારીમાં સાતત્ય રાખીને સંતુષ્ટ બનીને જીવું છું

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

મૌલિક શૈલીની તાકાત અનેરી હોય છે. આવી શક્તિથી સર્વાંગી વિકાસ તરફ દોડ મૂકનાર યુવાનનું નામ છે : દીપકભાઇ ભાડેશિયા. જેમ દિપક પ્રકાશ પાથરવાનું કામ કરે છે, તેમ દીપકભાઇ વ્યવસાય, વ્યવહાર અને સેવા પ્રવૃત્તિમાં પ્રકાશ પૂંજ પાથરી રહ્યા છે. તા. ૧૯-૧૯-૧૯૬૯ રાજકોટમાં જન્મેલા શ્રી દીપકભાઇને પિતા છગનભાઇ અને માતા કાશીબેન પાસેથી પ્રેરક શિખ અને સફળતા મેળવવા માટે આશિષ પ્રાપ્ત થયા છે.

૧૨ સાયન્સ પછી AMFI અને IRDA એની પદ્વીથી વિભૂષિત, એચ.ડી.એફ.સી. ઇન્સ્યુરન્સ કંપની, રાજકોટમાં સરકાર માન્ય નાણાંકીય સલાહકાર તરીકે સતત ધબકતા અને તરવરતા આ યુવાને વર્ષ - ૧૯૯૫માં જયશ્રીબહેનને જીવન સંગિની બનાવ્યા છે. પુત્ર મયંકને સુંદર ઉછેરની હૂંફ આપતા આ દંપતિ જીવનપથ ઉપર સરસ રીતે આગળ વધી રહ્યા છે. સખત માટે સમય બચાવે છે અને કોમેડી સીરીયલ પણ નિહાળે છે. કોમ્પ્યુટર યુગ વિશે તેઓ મંતવ્ય આપતા જણાવે છે કે, "કોમ્પ્યુટર જરૂરી છે અને સાંપ્રત સમાજનું અભિન્ન અંગ છે." "બાધા, આખડી, માનતા અંગે તેઓ સુંદર અવતરણ આપે છે : "ભગવાન કે અન્ય કોઇપણ કોઇને બાંધી મનમાન્યું કરાવાય?" કેવી સુંદર પ્રસ્તુતિ છે. દીપકભાઇના ઉપવાસ, વ્રત અને એકટાણા અંગે વિચારો આ પ્રમાણે છે : "ઉપરવાસ સ્વાસ્થ્ય માટે જરૂરી છે, પણ અંદ્ધશ્રદ્ધા માટે નહીં. પૂજાપાઠમાં મેડીટેશન કરવું. તન મન માટે હિતાવહ છે."



નાણાકીય સલાહકાર દીપકભાઈ ભાડેશિયા કહે છે કે, 'પ્રત્યેક ક્ષણ શુભ છે, માણી લ્યો'

પોતાના વ્યવસાય અને પ્રતિવર્ષ પ્રવાસ કરતા શ્રી દીપકભાઇ સાઉથ આફ્રિકા, તુર્કી (ઇસ્તાંનબુલ) ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, દુબઇ અને શ્રીલંકાની ધરતી ઉપર ફર્યા છે, તો સ્વદેશે ગોવા, બેંગ્લોર, ઊંટી, સિમલા અને હરિદ્વારની ભૂમિ પર વિહર્યા છે. સ્નેહ હાઉસ, બોલબાલા ચેરી.ટ્રસ્ટ, વૃંદાવન ગૌશાળા, ગાંધીગ્રામના જરૂરિયાતમંદ લોકોને ભોજન વ. માનવ, પશુ-પ્રાણીની સેવા અને પર્યાવરણની રક્ષા કાજે તેઓ કોઇ પ્રતિષ્ઠા કે પ્રચાર વિના કામ કરી રહ્યા છે.

એક હૃદયીસ્પર્શી પ્રસંગ પ્રસ્તુત છે : દીપકભાઇનું મગજ પોતાના કલાઇન્ટ, પરિવારજનો અને અન્યની સેવા કરવામાં સદા તત્પર રહે છે. કોઇ કલાઇન્ટ કે અન્ય કોઇનો પણ કામ માટે ફોન આવે તો ભોજન પડતું મૂકી દોડે. એક દિવસ રાત્રે. એક દિવસ રાત્રે દીપકભાઇ મગજની અતિ સક્રિયતાને કારણે ઊંઘમાં બેહોશ થઇ ગયા. મોંઢામાંથી ફીણ નીકળ્યા. પત્ની જયશ્રીબહેન વ્યાકુળ બની ગયા. નિવાસ નજીક રહેતા મિત્રને બોલાવ્યા. ૧૦૮માં સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરાયા. બધી જ તપાસ થઇ. અંતે નિદાન થયું. વિટામીન-બી$_{૧૨}$ની ખામીની ખામી દીપકભાઇને વર્તાઇ હતી. જાણે કુદરતે નોટિસ મોકલી કે સમયસર ભોજન લ્યો અને શરીરરૂપી ખજાનું જતન કરો.

ઇશ્વર, દેવ, ગુરૂગ્રંથ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખતા તેઓ કહે છે કે, "દરેક ક્ષણ શુભ છે, કોઇ ચોઘડિયા જોવાની જરૂર નથી. મારા પિતાનાં અવસાનના ચોથા જ દિવસે અમે અમારી બહેનને પોતાના પરિવારમાં કન્યાદાન કરવાની અનુમતિ આપી હતી. દીપકભાઇ કોઇ દંભ કર્યા વિના માંદા માણસની ખબર-અંતર એ જ સાચી સેવા માને છે."

પોતાના પરિવારમાં ભાગવત સપ્તાહનું સકારાત્મક આયોજન કરી. સવારથી સાંજ સુધી નાના - મોટા સૌને ઉત્સવોમાં નચાવ્યા હતા. ભાવપૂર્વક પ્રસાદ જમાડ્યો હતો અને ભાગવત કથાનું યાદગાર આયોજન કર્યું હતું. જેમાં બધાં જ ભક્તજનોને ખૂબ જ ઉર્જા મળી હતી. મંડપની બહાર ૪૧ ડિગ્રી તાપમાન હોય પણ મંડપમાં ૩૨ ડિગ્રી તાપમાનની અનુભૂતિ ભક્તજનોએ પ્રતીત કરી હતી.

પોતાની આંતરિક શક્તિઓ ઓળખી સ્વ-વિકાસ, કુટુંબ, સમાજ માટે તેનો ઉપયોગ થાય. તેવું દીપકભાઇ દૃઢપણે માને છે. તેઓ એમ પણ કહે છે કે, "જિંદગીને કોઇ પણ જાતની શરત વિના પ્રેમ કરવો જોઇએ. જે બન્યું છે, તે પરમાત્માની કૃપાથી જ બન્યું હશે. હવે શું સારૂં કરી શકીએ? જેથી સન્માન અને સ્માઇલ સાથે વિકાસ થાય?' તેઓનું જીવન સ્વપ્નની ફલશ્રુતિ પછીનું ચિંતન આ પ્રમાણે છે : 'સમય અને સંજોગો અનુસાર પરિવાર, વ્યવસાય અને સામાજિક જવાબદારીમાં સાસત્ય રાખીને સંતુષ્ટ બનીને જીવું છું.'

દીપકભાઇના ગૌરવની ગરિમા એ છે કે, એચ.ડી.એફ.સી.લાઇફ ઇન્સ્યુરન્સમાં ભારતભરમાં રાજય દીઠ સર્વોત્તમ પ્રિમિયમ કલેકશન કરી, હુંડાઇ ગેસ્ટ કાર ઇનામમાં પ્રાપ્ત કરી હતી. ગુજરાતમાં જે - તે સમયે ચોક્કસ સમય મર્યાદામાં મહત્તમ પ્રિમિયમ કલેકશન કરી. કાર વિજેતામાં માત્ર તેઓ એક હતા. દસ વર્ષથી પ્રગતિની રેખા દોરતા આ યુવાન છેલ્લા સાત વર્ષથી MART નું બહુમાન પણ મેળવી રહ્યા છે. માઇન્ડ પાવર ટ્રેનર, હીલીંગ માસ્ટર અને અનેકવિધ પ્રતિભાના ધની દીપકભાઇ સફળતાના શિખરો સર કર્યા કરે તેવી શુભેચ્છા અભિનંદન. તેમના મો. નં. છે ૯૮૨૫૩૩૨૮૦૧